
The real pictorial story-book
Nutritional supplement for cheerfulness

પૌરાણિક બોધકથાઓ



Tender Minds

બિરેન ત્રિવેદી

Packed with human-moulding molecules


VISIT…

LANZAROTE

Caliente.com

EDUCATION = तमसो मा ज्योतिर्गमय

That which leads us from deep darkness to divine light



Maharshi Vamdeva was the first in the world
to discover the planet Jupiter, 4650 years ago.

Come together! Speak together!
Let your minds be in harmony,
As Gods of old together sat in
harmony to worship.

-- RIGVEDA



Samvedna means compassion. Compassion is not possible without suffering and wisdom comes only with compassion.

Best material for human moulding and nation building.



Be a leader of a new India

SUPER POWER INDIA : VISION INDIA 2020

બલિદાન

હજારો વર્ષ પહેલાંની વાત છે.

એક રાજા હતા. આ રાજાનું નામ બલિ હતું - બલિરાજા.

બલિરાજા રાક્ષસ જેવી તાકાતવાળા અને બહુ પરાક્રમી હતા. એટલે બલિરાજાએ બીજા બધા રાજાઓને લડાઈમાં હરાવી નાખ્યા.

બીજા બધા રાજાઓને લડાઈમાં હરાવીને આ મહાપરાક્રમી બલિરાજાએ એમનાં રાજ્યો પણ જીતી લીધાં.

આવી રીતે આ રાક્ષસ જેવી તાકાતવાળા બલિરાજાનું રાજ્ય તો બહુ મોટું થઈ ગયું.

બલિરાજાએ બધા જ રાજાઓને લડાઈમાં હરાવીને આખી પૃથ્વી ઉપર પોતાનું રાજ્ય બનાવી લીધું.



બલિરાજા બહુ ઉદાર, દાનવીર અને ન્યાયપ્રિય હતા.

તેમના રાજ્યમાં કોઈને નુકસાન ના થાય, દુઃખ ના પડે એટલા માટે બલિરાજા ઉદારતાથી બધાને ખૂબ જ દાન આપતા અને બધાને સરખો ન્યાય આપતા.

બલિરાજા તેમની પ્રજાનું ખૂબ જ ધ્યાન રાખતા. બલિરાજાના રાજ્યમાં લોકો બહુ ખુશ હતા, એટલે બલિરાજાનું માન-પાન તો ખૂબ વધી ગયું. ચારે બાજુ બધા લોકો બલિરાજાની ખૂબ જ પ્રશંસા કરવા લાગ્યા. બલિરાજાના દરબારમાં પણ બધા લોકો રાજાના ખૂબ વખાણ કરવા લાગ્યા. આવી ચારે બાજુની પ્રશંસા અને તેમના વધી ગયેલાં માન-પાનથી બલિરાજામાં તો બહુ અભિમાન આવી ગયું.

બલિરાજાને થયું કે મેં બીજા બધા રાજાઓને લડાઈમાં હરાવી નાખ્યા છે. મારા જેવો તાકાતવાળો બીજો કોઈ રાજા નથી. હવે જ્યારે આખી પૃથ્વી ઉપર મારું જ રાજ્ય છે અને બધા લોકો મારાથી ડરીને મારા આટલા બધા વખાણ કરે છો, તો હું સ્વર્ગલોકમાં દેવો સાથે લડાઈ કરીને તેમને પણ હરાવી નાખું.



પછી બલિરાજાએ એમનું બહુ મોટું લશ્કર અને જાત-જાતનાં હથિયારો લઈને સ્વર્ગલોક ઉપર ચઢાઈ કરી. બલિરાજા પાસે તો રાક્ષસ જેવી તાકાત હતી. તેમનું લશ્કર પણ બહુ મોટું હતું, એટલે બલિરાજાએ તો સ્વર્ગલોકના દેવોને પણ લડાઈમાં હરાવી નાખ્યા. હવે તો બલિરાજા પૃથ્વીલોક અને સ્વર્ગલોક બંનેના રાજા થઈ ગયા, એટલે બલિરાજા તો હવે વધારે અભિમાની થઈ ગયા. બલિરાજાને થયું કે હું તો બહુ તાકાતવાળો છું. મને તો હવે કોઈ હરાવી ના શકે. આવું વિચારીને બલિરાજાએ તો હવે દેવોને હેરાન કરવાનું શરૂ કર્યું. એટલે પછી સ્વર્ગલોકના દેવો તો બલિરાજાથી બહુ દુઃખી-દુઃ થઈ ગયા. પછી સ્વર્ગના દેવોએ વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી કે અમને બલિરાજાના ત્રાસમાંથી બચાવો.

દેવોની પ્રાર્થનાથી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયાં. એમણે દેવોને કહ્યું કે બલિરાજાનું અભિમાન ઉતારીને હું તમને એમના ત્રાસમાંથી મુક્ત કરીશ.

પછી થોડા સમય પછી બલિરાજાએ એક મહાયજ્ઞ કર્યો. બલિરાજાએ આ મહાયજ્ઞમાં બધાને ખૂબ જ દાન આપવાની જાહેરાત કરી. એટલે વિષ્ણુ ભગવાન પણ વામનરૂપ ધારણ કરીને, એક ઠીંગણા બ્રાહ્મણના રૂપમાં બલિરાજાના આ મહાયજ્ઞમાં આવ્યા હતા. બલિરાજાએ બધાનું ખૂબ જ સ્વાગત કર્યું.

પછી બલિરાજાએ બધાને જે માંગ્યું તે દાનમાં આપીને તેમને ખુશ કરી નાખ્યા.

હવે દાન લેવાનો વારો આવ્યો વામનરૂપી વિષ્ણુ ભગવાનનો, જે ઠીંગણા બ્રાહ્મણના રૂપમાં હતા. એટલે બલિરાજાએ તેમને પૂછ્યું કે,





એટલે વામનરૂપી વિષ્ણુ ભગવાને કહ્યું : 'મહારાજ ! તમે પૃથ્વીલોક અને સ્વર્ગલોકના રાજા છો. તમારે માટે કશું જ અશક્ય નથી. પૃથ્વીલોક અને સ્વર્ગલોકમાં આપના જેવો દાનવીર બીજો કોઈ નથી. હું તો આપનું નામ અને પ્રશંસા સાંભળીને જ આપની પાસે દાન માટે આવ્યો છું.' એટલે બલિરાજાએ કહ્યું : 'હા-હા, એ તો હું પણ જાણું છું. એ તો તમે પણ જોઈ રહ્યા છો, બ્રાહ્મણદેવતા કે મારી પાસેથી દાન મેળવીને બધા કેવા ખુશ-ખુશ થઈ ગયા છે ! એટલે તમે પણ મને કહો કે તમારે શું જોઈએ છે ?'

ત્યારે વામનરૂપી વિષ્ણુ ભગવાને કહ્યું : 'બલિરાજા, હું જે માગું તે તમે મને આપશોને ? મારા જેવા ઠીંગણા બ્રાહ્મણની પણ ઈચ્છા તમે પૂરી કરશોને ? તમે એવું વચન આપો છો ને ?'

એટલે બલિરાજાએ કહ્યું કે, 'હા, હું વચન આપું છું કે તમે જે માંગશો એ હું તમને આપીશ.' ઠીંગણા બ્રાહ્મણે ફરીથી પૂછ્યું : 'શું ?... આપશોને ?'

એટલે બલિરાજાએ કહ્યું : 'હા, મેં કહ્યું તો ખરું. હું મારું વચન ક્યારેય તોડતો નથી.' આ સાંભળીને ઠીંગણા બ્રાહ્મણના રૂપમાં આવેલા વિષ્ણુ ભગવાને બલિરાજાને કહ્યું : 'તો સારું, મહારાજ, મને ત્રણ પગલાં જેટલી જમીન આપો.'


બલિરાજા તો ઠીંગણા બ્રાહ્મણની આ વાત સાંભળીને પેટ પકડીને હસવા માંડ્યા. બલિરાજા તો હસી-હસીને થાકી ગયા. બલિરાજાને એમ થયું કે, 'હું તો પૃથ્વીલોક અને સ્વર્ગલોકનો રાજા છું અને આ બ્રાહ્મણ, એ પણ ઠીંગુજી બ્રાહ્મણે માગી-માગીને ત્રણ પગલાં જેટલી જમીન માંગી !





આ ઠીંગુજીના ત્રણ પગલાંમાં કેટલી જમીન આવવાની !' આવું વિચારીને બલિરાજા અને તેમના દરબારમાં હાજર બીજા બધા લોકો જોર-જોરથી હસવા લાગ્યા. પછી બધા લોકોએ આ ઠીંગુજી બ્રાહ્મણને પૂછ્યું કે આ ત્રણ પગલાં જમીન માટે તમે બલિરાજા પાસે વચન માગ્યું ? પણ પછી બધાએ એમની નજરે જે જોયું તેનાથી તો એમની આંખો પહોળી થઈ ગઈ.

ઠીંગુજી બ્રાહ્મણના રૂપમાં આળેલા વિષ્ણુ ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કર્યું અને એક પગલામાં આખી પૃથ્વી અને બીજા પગલામાં આખું સ્વર્ગ માપી લીધું. બલિરાજા અને તેમના દરબારમાં હાજર લોકોને તો આ જોઈને ચક્કર જ આવી ગયા. આ ઠીંગણા બ્રાહ્મણનાં બે પગલાંમાં જ બલિરાજાના રાજ્યની આખી પૃથ્વી અને સ્વર્ગની જમીન આવી ગઈ. બલિરાજા અને બીજા લોકોને તો આ જે જોયું એ માનવામાં જ ના આવે ! પછી વિષ્ણુ ભગવાને બલિરાજાને પૂછ્યું : 'બોલો, બલિરાજા, હવેહું મારું ત્રીજું પગલું ક્યાં મૂકું ?'



બલિરાજા પણ વચનના પાકા હતા. તેમણે કહ્યું : 'ભગવાન, તમારું ત્રીજું પગલું મારા માથા ઉપર મૂકો.' વિષ્ણુ ભગવાને તેમનું ત્રીજું પગલું બલિરાજાના માથા ઉપર મૂક્યું અને તેમને પાતાળલોકમાં ઘૂસાડી દીધા.

આમ વિષ્ણુ ભગવાનો વામનરૂપ ધારણ કરી, એક ઠીંગુજી બ્રાહ્મણના રૂપમાં આવી બલિરાજાનું અભિમાન ઉતારી નાખ્યું અને તેમને પાતાળલોકમાં મોકલી દીધા.

સ્વર્ગલોકના દેવો પણ હવે બલિરાજાના ત્રાસમાંથી મુક્ત થઈને ખુશ-ખુશ થઈ ગયા.

બોધ :

જે અભિમાન કરે તે પડે.




ભક્ત પ્રહ્લાદ

હજારો વર્ષ પહેલાંની વાત છે.

હિરણ્યકશિપુ નામનો એક રાક્ષસોનો રાજા હતો. હિરણ્યકશિપુ તો બહુ દુષ્ટ હતો. તેણે એવું વિચાર્યું કે હું જંગલમાં જઈને ઘોર તપ કરીને ભગવાન પાસે વરદાન માગી લઉં. એવું વરદાન માગું કે પછી મને ક્યારેય કોઈ મારી જ ના શકે. પછી તો આપણે રાજા. આવું વિચારીને હિરણ્યકશિપુએ જંગલમાં જઈને ઘોર તપ કર્યું. હિરણ્યકશિપુએ ઘણાં વર્ષો સુધી ઘોર તપ કર્યું એટલે ભગવાન શિવજી તેમને પ્રસન્ન થયાં. ભગવાન શિવજીએ પ્રસન્ન થઈને તેને કહ્યું 'માગ, માગ, તું માગે તે આપું.' એટલે હિરણ્યકશિપુએ કહ્યું : 'શિવ ભોળાનાથ, મને વરદાન આપો કે મને કોઈ પણ માણસ કે જાનવર, દિવસે કે રાતે, ઘરમાં કે ઘરની બહાર, કોઈ પણ શસ્ત્રથી મારી નહીં શકે.' ભગવાન શિવજી તો બહુ જ ભોળા હતા, એટલે એમણે તો કહ્યું : 'તથાસ્તુ' આવી રીતે રાક્ષસોનો રાજા હિરણ્યકશિપુ તો બહુ તાકાતવાળો બની ગયો. તેને તો હવે કોઈ જ મારી ના શકે ! હવે તો હિરણ્યકશિપુને ભગવાનનું નામ લેવું પણ ગમતું નહીં. દેવો અને ભગવાન તો રાક્ષસોના દુશ્મન કહેવાય એવું હિરણ્યકશિપુ કહેવા લાગ્યો.

આ હિરણ્યકશિપુને એક પુત્ર હતો. તેનું નામ પ્રહ્લાદ હતું. પ્રહ્લાદ તો પહેલેથી જ ભગવાનનો ભક્ત. એ તો આખો દિવસ ભગવાનના નામનું જ ધ્યાન કરે. પ્રહ્લાદને તો ભગવાનને પ્રાર્થના કરવાનું બહુ જ ગમતું હતું.

એક દિવસ પ્રહ્લાદ તેના પિતા હિરણ્યકશિપુના ખોળામાં બેઠો હતો ત્યારે હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું : 'બેટા પ્રહ્લાદ, તને સૌથી વધારે શું ગમે ?' એટલે પ્રહ્લાદે કહ્યું : 'પિતાજી, મને તો આ બધા લડાઈ-ઝઘડા ના ગમે. મને તો શાંતિથી ભગવાનનું નામ લેવાનું સૌથી વધારે ગમે.' પ્રહ્લાદની આ વાત





સાંભળીને હિરણ્યકશિપુ તો ખૂબ જ ગુસ્સે થઈ ગયો. હિરણ્યકશિપુ એવું માનતો કે, હું જે સૌથી તાકાતવાળો છું. મને કોઈ સ્ત્રી કે પુરુષ, દિવસે કે રાતે, ઘરમાં કે ઘરની બહાર કોઈ પણ શસ્ત્રથી ક્યારેય મારી નથી શકતા એવો હું રાક્ષસોનો રાજા છું. પ્રહ્લાદે પણ આવી તાકાતવાળા બનીને લડાઈઓમાં બીજા રાજાઓને અને સ્વર્ગના દેવોને હરાવવા જોઈએ. પછી તેમની ઉપર રાજ કરીને ખાઈ-પીને મજા કરવાની હોય, પણ ભગવાનનું નામ ના લેવાનું હોય.

હિરણ્યકશિપુએ પછી પ્રહ્લાદને પૂછ્યું : 'બેટા, તને આ ઊંધી વાતો કોણે શિખવાડી.'

પ્રહ્લાદે કહ્યું : 'કોઈએ નહીં પિતાજી. મને મારા મનથી જ ભગવાનનું નામ લેવાનું બહુ ગમે છે.' આ સાંભળીને હિરણ્યકશિપુને થયું કે નક્કી, પ્રહ્લાદને મારા દુશ્મનોએ ઊંધી વાતો કરીને તેને ભ્રમમાં નાંખી દીધો છે.

પછી હિરણ્યકશિપુએ એવું વિચાર્યું કે હું પ્રહ્લાદને એવી શિક્ષા આપીશ કે હું જે કહું એમ જ પ્રહ્લાદ કરે. હું પ્રહ્લાદને ગુરુકુલમાં મોકલીશ.

એ વખતે શુક્રાચાર્ય રાક્ષસોના કુલગુરુ હતા. એ દિવસોમાં શુક્રાચાર્ય વનમાં તપ કરવા ગયા હતા. એટલે હિરણ્યકશિપુએ શુક્રાચાર્યના બે પુત્રો ષણ્ડ અને અમર્કને બોલાવ્યા.

ષણ્ડ અને અમર્કને બોલાવીને હિરણ્યકશિપુએ તેમને કહ્યું : 'જુઓ, તમે તો ખૂબ સમજદાર છો. તમને કંઈ વધારે સમજાવવાની જરૂર નથી. હું મારો પુત્ર પ્રહ્લાદ તમને સોંપું છું. તેને યોગ્ય શિક્ષા આપી દેવ અને દાનવો બંનેને લડાઈમાં હરાવી શકે તેવો બનાવજો. જો તમે દેવ અને દાનવો બંનેને હરાવી તેની ઉપર રાજ કરી સકે એવી શિક્ષા પ્રહ્લાદને આપશો તો હું તમને યોગ્ય ઈનામ





હિરણ્યકશિપુની આજ્ઞા પ્રમાણે ષણર્ક અને અમર્ક તો પ્રહ્‌લાદને લઈને પોતાના વિદ્યાલયમાં ગયા. પ્રહ્‌લાદે વિદ્યાલયમાં જઈને લખતા-વાંચતા શીખી લીધું. લખવાનું શીખી લઈને પ્રહ્‌લાદે સૌથી પહેલાં ભગવાનનું નામ લખ્યું.

પ્રહ્‌લાદે ભગવાનનું નામ લખેલું જોઈને તેના ગુરુએ ગુસ્સે થઈને કહ્યું : 'પ્રહ્‌લાદ કોણે આ શિખવાડ્યું તને ? ખબરદાર ! જો બીજી વખત તેં આ લખ્યું છે તો.'

બીજા દિવસે ષણર્ક અને અમર્કે પ્રહ્‌લાદને કાંઈક લખીને લાવવા કહ્યું. પ્રહ્‌લાદે તો ફરીથી આખી પાટી ભગવાનનું નામ લખીને ભરી નાખી. આ જોઈને તો ષણર્ક અને અમર્ક બંને તાડૂકી ઊઠ્યા અને પ્રહ્‌લાદને કહ્યું : 'ફરીથી તેં એ જ ખોટું કામ કર્યું ને !'

પ્રહ્‌લાદે દબાતા અવાજે ધીમેથી કહ્યું : 'ગુરુદેવ, ભગવાનનું નામ કેમ ન લખું. એમાં ખોટું શું છે ?'

પ્રહલાદનો આ જવાબ સાંભળીને ષણર્ક અને અમર્ક કંઈ પણ બોલ્યા નહીં અને સીધા જ પ્રહ્‌લાદને તેના ગુરુ પાસે લઈ ગયા.

ગુરુદેવે જ્યારે જોયું કે પ્રહ્‌લાદે ફરીથી ભગવાનનું નામ લખ્યું છે, એટલે એમને તો સોટી લીધી અને પ્રહ્‌લાદને પાંચ-છ સોટી જોરથી મારી દીધી. એટલે પ્રહ્‌લાદના શરીર ઉપર તો સોળ પડી ગયા અને તેની આંખમાંથી આંસુ આવી ગયાં.

ષણર્ક અને અમર્કને થયું કે નક્કી પ્રહ્‌લાદને કોઈએ ભ્રમિત કરી નાખ્યો છે અને હવે તેને તેના પિતા હિરણ્યકશિપુ પાસે પાછો લઈ જવા સિવાય કોઈ ઉપાય નથી.

આમ વિચારીને ષણર્ક અને અમર્ક તો પ્રહ્‌લાદને પાછો તેના પિતા હિરણ્યકશિપુ પાસે લઈ ગયા.

હિરણ્યકશિપુ પાસે જઈને ષણર્ક અને અમર્કે





છે. પ્રહ્લાદ તો ભગવાનનું જ નામ લખે છે. પ્રહ્લાદને હવે ભણાવવો અને એનું ધ્યાન રાખવું અમારે માટે મુશ્કેલ છે. હવે પ્રહ્લાદને તમે જ સંભાળો.'

આ વાત સાંભળીને હિરણ્યકશિપુએ ગુસ્સામાં પ્રહ્લાદની સામે જોઈને પૂછ્યું : 'કેમ પ્રહ્લાદ, વિદ્યાલયમાં જઈને તું શું શીખ્યો ?'

એટલે પ્રહ્લાદે કહ્યું : 'પિતાજી, હું ભગવાનના નામ સિવાય કશું જ શીખી ના શક્યો.''

પ્રહ્લાદની આ વાત સાંભળીને હિરણ્યકશિપુની આંખો ગુસ્સાથી લાલ થઈ ગઈ અને તેણે દાંત કચકચાવીને ષણ્ડ અને અમર્કને કહ્યું કે, ''તમે આ બાળકને શું શિક્ષા આપી છે ? તમે મારા ગુરુ શુક્રાચાર્યના પુત્ર ના હોત તો હું તમને હમણાં જ સજા આપી દેત.''

હિરણ્યકશિપુનો ગુસ્સો જોઈને ષણ્ડ અને અમર્કે કહ્યું : ''મહારાજ, તમારા પુત્ર પ્રહ્લાદને ભગવાનનું નામ લેવાનું અમે નથી શિખવાડ્યું અને કોઈ બીજાએ પણ નથી શિખવાડ્યું. પ્રહ્લાદ છે જ એવો.''

આટલું કહીને ષણ્ડ અને અમર્ક પ્રહ્લાદને તેના પિતા હિરણ્યકશિપુ પાસે મૂકીને જતા રહ્યા. એમના ગયા પછી હિરણ્યકશિપુએ પ્રહ્લાદને ગુસ્સાથી પૂછ્યું : ''બોલ, દુષ્ટ પ્રહ્લાદ, તને ભગવાનનું નામ લેવાનું ખોટું-ખોટું કોણે શિખવાડ્યું છે ?''

એટલે પ્રહ્લાદે કહ્યું : ''કોઈએ નહીં પિતાજી ! હું ભગવાનનું નામ લઉં એમાં ખોટું શું છે ?''

આટલું કહીને પ્રહ્લાદ તો ચૂપ થઈ ગયો. પરંતુ આ સાંભળીને હિરણ્યકશિપુના આખા શરીરમાં જાણે કે આગ લાગી હોય એટલો બધો એ ગુસ્સે થઈ ગયો.

હિરણ્યકશિપુએ એના રાક્ષસોને કહ્યું કે 'પ્રહ્લાદને અત્યારે જ મારી નજર સામેથી દૂર કરો. પ્રહ્લાદને લઈ જઈને અત્યારે મારી






નાખો. પ્રહ્‌લાદ તો વિષ્ણુ ભગવાનનો ભક્ત છે. આપણે જોઈએ, એના ભગવાન એને કઈ રીતે બચાવે છે !'

આટલું બોલી હિરણ્યકશિપુએ પ્રહ્‌લાદને ફરી પૂછ્યું : 'કેમ મૂર્ખ ! હજી ભગવાનનું નામ લેવું છે ?' આથી પ્રહ્‌લાદે કહ્યું : 'પિતાજી, હું કેવી રીતે કહું કે ભગવાનનું નામ નહીં લઉં. ભગવાન જેની રક્ષા કરે છે તેને કોઈ મારી નથી શકતું.'

આ સાંભળીને હિરણ્યકશિપુએ તો ગર્જના કરીને કહ્યું : 'રાક્ષસો, પ્રહ્‌લાદને અહીંયા અત્યારે જ મારી નાખો. આપણે જોઈએ એના વિષ્ણુ ભગવાન એને કેવી રીતે બચાવે છે !' એટલે બધા રાક્ષસો તો તલવારો, ત્રિશૂલો અને બરછીઓ લઈને પ્રહ્‌લાદને મારવા લાગ્યા. પણ પ્રહ્‌લાદનું શરીર તો જાણે લોખંડ જેવું થઈ ગયું. બધા રાક્ષસોની તલવારો, ત્રિશૂલો અને બરછીઓ તો વળીને તૂટી ગઈ !

આ જોઈને હિરણ્યકશિપુ તો ચિંતામાં પડી ગયા. થોડીવાર પછી હિરણ્યકશિપુએ તેના રાક્ષસોને કહ્યું કે, 'પ્રહ્‌લાદને પર્વતની ટોચ ઉપરથી નીચે ફેંકી દો, હાથીના પગ નીચે કચડાવી નાંખો, વાઘ અને સિંહ જેવા જંગલી પશુઓ આગળ નાંખી દો અને તોપણ એ ના મરે તો પ્રહ્‌લાદને ઝેર આપીને મારી નાખો.'

હિરણ્યકશિપુની આજ્ઞાને માથે ચડાવીને રાક્ષસોએ પ્રહ્‌લાદને એક પર્વતની ટોચ ઉપરથી નીચે ગબડાવી નાખ્યો. પ્રહ્‌લાદ તો મનમાં ભગવાનનું નામ લેતાં-લેતાં પર્વત ઉપરથી નીચે ગબડ્યો. નીચે પડતાંની સાથે જ પ્રહ્‌લાદ તો જાણે રૂની ગાદી ઉપર આરામ કરીને ઊભો થયો હોય એવી રીતે ઊભો થઈ






ગયો. પ્રહ્‌લાદને તો કંઈ જ ના થયું. પછી પ્રહ્‌લાદને એક મોટા ગાંડા હાથીના પગ નીચે મૂકી દીધો. પણ હાથીએ તો પ્રહ્‌લાદને તેની સૂંઢથી ઉપાડીને પોતાની પીઠ ઉપર બેસાડી દીધો.

ગાંડા હાથીએ પણ પ્રહ્‌લાદને માર્યો નહીં એટલે રાક્ષસોએ હવે પ્રહ્‌લાદને વાઘ અને સિંહ જેવા જંગલી જાનવરોની આગળ ફેંકી દીધો. પણ વાઘ અને સિંહ તો પ્રહ્‌લાદને ફાડી ખાવાને બદલે પાળેલા કૂતરાની જેમ તેના હાથ-પગ ચાટવા લાગ્યા. અહીંયાં પણ ભગવાને પ્રહ્‌લાદની રક્ષા કરી.

આટલી બધી રીતે પણ પ્રહ્‌લાદ મર્યો નહીં એટલે રાક્ષસોએ પ્રહ્‌લાદને કહ્યું કે ક્યાં તો ભગવાનનું નામ લેવાનું છોડી દે અથવા તો ઝેર પીને મરી જા. પણ પ્રહ્‌લાદ તો જરાપણ ડર્યો નહીં. એને તો કહ્યું કે 'ભગવાનનું નામ લેવાનું તો હું ના છોડી શકું.'

પછી રાક્ષસોએ પ્રહ્‌લાદને ઝેર પીવડાવ્યું. પ્રહ્‌લાદ તો ભગવાનનું નામ લેતાં-લેતાં ઝેર ગટગટાવી ગયો. પણ પ્રહ્‌લાદને માટે તો આ ઝેર પણ અમૃત થઈ ગયું. એક પછી એક ત્રણ-ચાર દિવસ વીતી ગયા અને પ્રહ્‌લાદ તો તાજો-માજો જ રહ્યો.

એટલે હવે હિરણ્યકશિપુ મોટી ચિંતામાં પડી ગયો. તેને મનમાં થયું કે પ્રહ્‌લાદને તો કંઈ થતું નથી પણ તેના કારણે મારું મૃત્યુ ના થઈ જાય ! પ્રહ્‌લાદને તો રાક્ષસોએ તલવારો મારી, પર્વતની ટોચ ઉપરથી ગબડાવી નાંખ્યો, ગાંડા હાથીના પગ નીચે મૂકી દીધો, વાઘ-સિંહના મોઢા પાસે મૂકી દીધો અને છેવટે ઝેર પણ પિવડાવી દીધું. તો પણ પ્રહ્‌લાદ તો છેવટે જીવતો જ રહ્યો. હિરણ્યકશિપુને થયું કે હવે પ્રહ્‌લાદને મારી નાખવા હું કરું શું ? આમ વિચારીને હિરણ્યકશિપુનું મોં તો સાવ સૂકાઈ






ગયું. હિરણ્યકશિપુ તો પ્રહ્‌લાદને મારવાની ચિંતામાં રાત-દિવસ ઉદાસ રહેવા લાગ્યા.

આ હિરણ્યકશિપુની એક બહેન હતી. એનું નામ હોલિકા હતું. આ હોલિકાએ હિરણ્યકશિપુની ચિંતાની વાત જાણી. એટલે હોલિકાએ હિરણ્યકશિપુને કહ્યું કે, 'એમાં ક્યાં મોટી ચિંતાની વાત છે, પ્રહ્‌લાદને મારી નાખવો એ તો મારે માટે રમત વાત છે. તમે એક મોટી ચિતા તૈયાર કરાવો. હું પ્રહ્‌લાદને મારા ખોળામાં લઈને આ ચિતા ઉપર બેસી જઈશ. હું એવી વિદ્યા જાણું છું કે આગથી હું સળગી નહીં જાઉં, જ્યારે પ્રહ્‌ લાદ આગમાં સળગીને મરી જશે પછી હું ચિતામાંથી જીવતી-જાગતી બહાર આવી જઈશ. બહેન હોલિકાની વાત સાંભળીને હિરણ્યકશિપુએ તો એક મોટી ચિતા તૈયાર કરાવી. પછી રાક્ષસી હોલિકા પ્રહ્‌લાદને પકડીને લઈ આવી અને તેને ખોળામાં લઈને ચિતા ઉપર બેઠી. હિરણ્યકશિપુ અને તેના રાક્ષસોએ તો ચીસો પાડીને, ચિચિયારીઓ પાડીને, નાચતાં-કૂદતાં ચિતાને આગ લગાડી. પ્રહ્‌લાદ તો શાંતિથી ભગવાનનું નામ લેતા હોલિકાના ખોળામાં બેસી રહ્યો. ચિતામાં તો ભીષણ આગ લાગી અને તેની અગનજવાળાઓ ઊંચે ખૂબ ઉપર સુધી જવા લાગી.'

હિરણ્યકશિપુ અને તેના રાક્ષસોને થયું કે આજે તો પ્રહ્‌લાદ બચી નહીં શકે. આજે તો પ્રહ્‌લાદ આગમાં સળગીને મરી જ જશે. પરંતુ આગ જ્યારે શાંત થઈ ત્યારે હિરણ્યકશિપુએ જોયું તો હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ હતી. પ્રહ્‌લાદ તો હજી પણ ભગવાનનું નામ લેતો ચિતાની ભસ્મ ઉપર પલાંઠી વાળીને બેઠો હતો. બધા રાક્ષસો તો આ જોઈને ચકિત જ થઈ ગયા. એમને તો માનવામાં જ ના આવે કે પ્રહ્‌લાદ જીવતો છે.

હિરણ્યકશિપુ પણ પ્રહ્‌લાદને જીવતો જોઈને પોતાની આંખો ચોળવા લાગ્યો. હિરણ્યકશિપુને થયું કે આ કોઈ સ્વપ્નું તો નથી ને?

પછી હિરણ્યકશિપુએ ગર્જના કરીને પ્રહ્‌લાદને ચિતાની ભસ્મમાંથી ખેંચીને હાથમાં પકડ્યો. પછી હિરણ્યકશિપુએ પ્રહ્‌લાદને પૂછ્યું : 'બોલ, હજી તું ભગવાનનું નામ લઈશ ?' એટલે પ્રહ્‌લાદે તો કહ્યું કે, 'હા, હું તો ભગવાનનું નામ





Kumud 93

લઈશ. ભગવાનનું નામ લેવાનું તો હું ભૂલી ના શકું.'

આ સાંભળીને હિરણ્યકશિપુએ રાક્ષસોને કહ્યું કે 'પ્રહ્લાદને અંધારી કોટડીમાં પંદર દિવસ માટે નાંખી દો. આપણે જોઈએ પંદર દિવસ પછી એ ભગવાનનું નામ કેવી રીતે લે છે?'

આવું કહીને હિરણ્યકશિપુ તો ત્યાંથી જતો રહ્યો. પછી રાક્ષસોએ પ્રહ્ લાદને અંધારી કોટડીમાં પૂરી દીધો. પ્રહ્લાદ તો આ અંધારી કોટડીમાં પણ સતત ભગવાનનું નામ લેતો રહ્યો.

આમ ને આમ પંદર દિવસ પસાર થઈ ગયા. સોળમા દિવસે રાક્ષસોના રાજા હિરણ્યકશિપુએ તેના રાક્ષસોને પ્રહ્લાદને તેમની પાસે હાજર કરવાની આજ્ઞા કરી.



રાક્ષસો પ્રહ્લાદને અંધારી કોટડીમાંથી બહાર કાઢીને હિરણ્યકશિપુ પાસે લઈ આવ્યા. પ્રહ્લાદ તો હજી પણ ભગવાનનું નામ લેતો હતો. એટલે હિરણ્યકશિપુના ગુસ્સાનો તો પાર ના રહ્યો. ગુસ્સાથી હિરણ્યકશિપુનું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. તેની આંખોમાંથી જાણે આગના તણખા ઝરવા લાગ્યા. પછી હિરણ્યકશિપુએ ગર્જના કરીને પ્રહ્લાદને કહ્યું કે, 'પ્રહ્લાદ, તારી હઠ છોડી દે. જો તું ભગવાનનું નામ લેવાનું નહીં છોડી દે તો હું તને આજે મારી નાખીશ.'


એટલે પ્રહ્લાદે શાંતિથી કહ્યું : 'પિતાજી, જે ભગવાનની સાચા હૃદયથી પ્રાર્થના કરે છે તેને કોઈ મારી નથી શકતું.'

આ સાંભળીને હિરણ્યકશિપુએ ફરીથી ગુસ્સામાં કહ્યું : 'તો પ્રહ્લાદ, બોલાવ તારા ભગવાનને ક્યાં છે તારા ભગવાન?'

એટલે પ્રહ્લાદે ફરીથી શાંતિથી કહ્યું : 'પિતાજી, ભગવાન તો બધી જ જગ્યાએ અને બધી જ વસ્તુઓમાં છે. ભગવાન અત્યારે આપણને સાંભળે પણ છે અને જોવે પણ છે. ભગવાનને તો બોલવાની જરૂર ના હોય, ભગવાન તો સ્વયં આવી જાય.'

પ્રહ્લાદની વાત સાંભળીને હિરણ્યકશિપુએ કહ્યું કે, 'તો, જો, તારી પાસે આ જે લોખંડનો થાંભલો દેખાય છે એને હું અગ્નિમાં તપાવીને ગરમ લાલચોળ કરાવું છું. પછી તારે આ થાંભલાને બાથ ભીડવાની. તું એમ કહે છે ને કે તારો ભગવાન તો બધી વસ્તુઓમાં છે. જો તારો ભગવાન આ લાલચોળ સળગતા લોખંડના થાંભલામાં હશે તો તું બચી જઈશ, નહીં તો





થાંભલાને બે ભાગમાં ફાડીને અંદરથી નરસિંહ ભગવાન સ્વયં પ્રગટ થયાં.

નરસિંહ ભગવાનનું શરીર અને વિકરાળ સ્વરૂપ જોઈને હિરણ્યકશિપુના કેટલાયે રાક્ષસો તો ડરના માર્યા ભાગી જ ગયા. એ રાક્ષસોને એવું થયું કે નક્કી આજે તો આપણે મરી જ ગયા. એટલે એ તો ઊભી પૂંછડીએ ભાગી જ ગયા. પરંતુ હિરણ્યકશિપુએ સાવધાનીથી આગળ વધીને તેની ગદાથી નરસિંહ ભગવાન ઉપર પ્રહાર કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ નરસિંહ ભગવાને તો હિરણ્યકશિપુની ગદાને રમકડાની જેમ વાળીને તોડી નાખી. આમ ને આમ નરસિંહ ભગવાન

જ્યારે તું થાંભલાને પકડીશ ત્યારે સળગીને મરી જઈશ.'

આમ કહીને હિરણ્યકશિપુએ તો આ લોખંડના થાંભલાને અગ્નિમાં તપાવીને બરાબર ગરમ લાલચોળ કરાવ્યો. પછી પ્રહ્‌લાદને કહ્યું : 'પ્રહ્‌લાદ, જા પકડ આ થાંભલાને અને બતાવ તારા ભગવાન ક્યાં છે ?' પ્રહ્‌લાદ તો ધીરે-ધીરે મનમાં ભગવાનનું નામ લેતાં-લેતાં ગરમ સળગતા લાલચોળ થાંભલાની પાસે ગયો. થાંભલાની પાસે જઈને પ્રહ્‌લાદે જોયું તો આ ગરમ સળગતા લાલચોળ લોખંડના થાંભલા ઉપર એક કીડી જતી હતી. આ કીડીને જોઈને પ્રહ્‌લાદને થયું કે જો આ કીડી ગરમ થાંભલા ઉપર જીવતી રહી શકતી હોય તો પછી મને શું થવાનું હતું ! કદાચ આ રીતે ભગવાન મને કંઈક કહેવા માંગતા હોય ! આવું વિચારીને પ્રહ્‌લાદે તો જેવો આ ગરમ લાલચોળ છાંભલાને પકડ્યો કે કડાકા અને ભડાકા સાથે આખા






અને હિરણ્યકશિપુ વચ્ચે સંધ્યા સુધી લડાઈ ચાલી. બરાબર સંધ્યા સમયે નરસિંહ ભગવાને હિરણ્યકશિપુને બે હાથેથી પકડીને હવામાં ઊંચો કરી દીધો.

પછી નરસિંહ ભગવાને હિરણ્યકશિપુને તેના જ મહેલમાં - તેના ઘરના ઉંબરા ઉપર પોતાના ખોળામાં સુવડાવીને સંધ્યા સમયે પોતાના નખથી પેટ ફાડીને તેને મારી નાખ્યો. એટલે કે નરસિંહ ભગવાને હિરણ્યકશિપુને દિવસે કે રાત્રે નહીં પરંતુ સંધ્યા સમયે, ઘરમાંયે નહીં કે ઘરની બહાર પણ નહીં પરંતુ ઘરના ઉંબરા ઉપર અને કોઈ શસ્ત્રથી નહીં પરંતુ પોતાના નખથી તેનું પેટ ફાડીને મારી નાખ્યો. આવી રીતે ભગવાને પોતાના ભક્ત પ્રહ્‌લાદની રક્ષા કરી. પછી નરસિંહ ભગવાને પ્રહ્‌લાદને હિરણ્યકશિપુના રાજ્ય ઉપર રાજ કરવાનું કહ્યું. એટલે પ્રહ્‌લાદે ઘણાં વર્ષો સુધી સુખેથી રાજ કર્યું.

બોધ :

આપણે ભગવાનની ભક્તિ કરવી જોઈએ. ભગવાન જેની રક્ષા કરે છે તેને કોઈ મારી શકતું નથી.





મહારાજા શિવિ

પ્રાચીન સમયની વાત છે.

આપણા દેશ ભારતમાં ઉશીન નામનું એક રાજ્ય હતું.

આ રાજ્યના રાજાનું નામ મહારાજા શિવિ હતું. આ રાજ્ય ખૂબ સુખી-સંપન્ન રાજ્ય હતું. આ મહારાજા શિવિ હંમેશા ભગવાનની ભક્તિ કરતા રહેતા. મહારાજા શિવિ બહુ જ દયાળુ, વિનમ્ર અને દાનવીર હતા. પોતાના આંગણે આવેલા કોઈનો પણ મહારાજા શિવિ ખૂબ જ આદર-સત્કાર કરતા. એટલું જ નહીં પણ પોતાના આશ્રયમાં આવેલાનું તે પોતાના જીવના જોખમે પણ રક્ષણ કરતા. મહારાજા શિવિ પોતાનાં પ્રજાજનોને પોતાના જીવથી પણ વધારે સાચવતા. મહારાજા શિવિ પાસે માન-સનમાન, ધન-સંપત્તિ, રાજવૈભવ બધું જ હતું, પરંતુ મહારાજા શિવિ ક્યારેય કોઈ લાલચ કે મોહમાં ફસાતા નહોતા. મહારાજા શિવિ પોતાની ધન-સંપત્તિનો ઉપયોગ ખૂબ **સાચવીને કરતા. મહારાજા શિવિ હંમેશા સારાં** કામ કરવામાં જ પોતાના ધનનો ખર્ચ કરતા અને ક્યારેય પોતાની ધનસંપત્તિને વેડફતા નહીં. મહારાજા શિવિ એવું માનતા હતા કે પ્રજાની સુખ-સુવિધામાં વધારો કરી તેમને સંતોષ આપવાની રાજાની ફરજ છે. ઉશીન રાજ્યની પ્રજા મહારાજા શિવિની રાજવ્યવસ્થાથી બહુ જ ખુશ હતી.

પરંતુ મહારાજા શિવિ જેવા પ્રજાવત્સલ રાજાને એક જ વાતનું દુઃખ હતું. મહારાજા શિવિને કોઈ પુત્ર નહોતો. ઉશીન રાજ્યની પ્રજાને પણ તેનું દુઃખ હતું.

એક વાર નારદમુનિ ફરતાં-ફરતાં રાજ્યમાં આવી ચડ્યા. મહારાજા શિવિએ તેમનો ખૂબ જ આદર-સત્કાર કર્યો. વાતમાં ને વાતમાં નારદમુનિ મહારાજા શિવિ અને ઉશીન રાજ્યની પ્રજાના દુઃખનું કારણ જાણી ગયા. એટલે નારદમુનિએ મહારાજા શિવિને પુત્ર-પ્રાપ્તિ માટે **કઠોર તપ-સાધના કરવાનું કહ્યું.**





મહારાજા શિવિએ તો નારદમુનિએ કહ્યું હતું તેમ કઠોર તપસાધના કરવાનું શરૂ કર્યું. આ બાજુ સ્વર્ગલોકમાં દેવોના રાજા ઇન્દ્રને મહારાજા શિવિની કઠોર તપસાધનાની ખબર પડી. ઇન્દ્રરાજાને શંકા થઈ કે નક્કી મહારાજા શિવિને મારું સિંહાસન છીનવી લેવું છે, અને તેમને સ્વર્ગના રાજા બનવું છે. મહારાજા શિવિએ સ્વર્ગલોકના રાજા બનવા માટે જ કઠોર તપસાધના શરૂ કરી છે.


ઇન્દ્રરાજાને ઘણા બધા લોકોએ કહ્યું કે મહારાજા શિવિ બહુ જ દયાળુ, ઉદાર, દાનવીર અને સંતોષી વ્યક્તિ છે. તે જરાય લોભ અને મોહમાં પડી બીજાની વસ્તુ લઈ લે તેવા નથી. હકીકતમાં તો મહારાજા શિવિ તેમના આશ્રયમાં આવેલા કોઈનું પણ પોતાના જીવના જોખમે પણ રક્ષણ કરે છે. એટલા માટે મહારાજા શિવિ સ્વર્ગના રાજા બનવા માટે તપસાધના નહીં કરતા હોય પરંતુ તેનું બીજું કોઈ કારણ હશે.

પરંતુ ઇન્દ્રરાજાને તો લોકોની આ વાતમાં વિશ્વાસ ના આવ્યો. ઇન્દ્રરાજા તો એવું માનવા લાગ્યા કે મહારાજા શિવિ સ્વર્ગનું સિંહાસન તેમની પાસેથી છીનવી લેવા માટે જ આ કઠોર તપસાધના કરી રહ્યા છે.

આખરે ઇન્દ્રરાજાએ મહારાજા શિવિની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

ઇન્દ્રરાજાને થયું કે હું પણ જરા જોઉં તો ખરો કે મહારાજા શિવિ કેટલા ઉદાર, દાનવીર અને સંતોષી વ્યક્તિ છે ! એમના આશ્રયમાં આવેલાનું એ કેટલી હદ સુધી રક્ષણ કરે છે ! મહારાજા શિવિ ખરેખર અભિમાન વિનાના વ્યક્તિ છે કે નહીં એ જોવા માટે ઇન્દ્રરાજાએ મહારાજા શિવિની પરીક્ષા કરવાનું શરૂ કર્યું. પહેલાં તો ઇન્દ્રરાજાએ નાની-નાની પરીક્ષાઓ કરી, પરંતુ તેમ છતાં ઇન્દ્રરાજાને હજી સંતોષ નહોતો થતો.






એકવાર મહારાજા શિવિ તેમના નિત્યક્રમ મુજબ એક સરસ ઉપવનમાં ધ્યાન કરી રહ્યા હતા. એટલામાં એક કબૂતર ઊડતું-ઊડતું મહારાજા શિવિના ખોળામાં આવીને પડ્યું. આ કબૂતર ભયથી થરથર કાંપતું હતું. મહારાજા શિવિને એકદમ જ દયા આવી. એટલે એમણે કબૂતરને પોતાના હાથમાં લીધું અને તેના માથે પ્રેમથી હાથ ફેરવવા લાગ્યા. મહારાજા શિવિ સમજી ગયા કે નક્કી કોઈ શિકારી પક્ષી આ કબૂતરનો શિકાર કરવા માટે તેની પાછળ પડ્યું છે. એટલે મહારાજા શિવિએ આ કબૂતરને પોતાના વસ્ત્રમાં છુપાવી દીધું. એટલામાં જ એક ભયંકર મોટું બાજપક્ષી આ કબૂતરનો પીછો કરતું-કરતું ત્યાં આવ્યું. આ ભયંકર મોટા બાજપક્ષીને જોઈને મહારાજા શિવિને હવે આખી વાતનો બરાબર ખ્યાલ આવી ગયો.

પરંતુ મહારાજા શિવિને સૌથી વધારે આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે આ બાજપક્ષીએ મહારાજા શિવિની સામે આવીને કહ્યું : ‘મહારાજ, તમે જેને તમારા વસ્ત્રમાં સંતાડી રહ્યા છો એ કબૂતર મારું ભોજન છે. તમે જો મારું ભોજન છીનવી લેશો તો તમને બહુ મોટું પાપ લાગશે. મહારાજા શિવિ, તમે તો બહુ જ દયાળુ, ઉદા અને દાનવીર છો. તમે જો મારું આ ભોજન છીનવી લેશો તો તમારા આ સારા ગુણો અને તમે કરેલાં સારાં કામો ઉપર પાણી ફરી વળશે. આમ, તમે મને મોટો અન્યાય કરશો અને તમને મોટું પાપ લાગશે.’

બાજપક્ષીની આવી યુક્તિપૂર્વકની વાત સાંભળીને મહારાજા શિવિના આશ્ચર્યનો પાર ના રહ્યો. પરંતુ હકીકતમાં મહારાજા શિવિ મૂંઝવણમાં પણ મુકાઈ ગયા. એક બાજુ તેમના આશ્રયમાં આવેલા એક અસહાય કબૂતરને બચાવવા જતા પેલા બાજપક્ષીનું ભોજન છીનવી






મહારાજા શિવિનો તો નિયમ હતો કે પોતાના જીવના જોખમે પણ તેમના આશ્રયમાં આવેલાનું રક્ષણ કરવું.

પણ પછી મહારાજા શિવિએ થોડીવાર વિચાર કરીને એ બાજપક્ષીને કહ્યું : 'હે ! ભૂખ્યા બાજપક્ષી ! તું જે પણ હોય અને જે સ્વરૂપમાં હોય તે, હું મારા આશ્રયમાં આવેલા આ અસહાય કબૂતરનો જીવ બચાવવા મારું બધું જ તને આપી દઈશ, પરંતુ આ કબૂતર તને નહીં આપું. તું માંસાહારી પક્ષી છે અને માંસ મળવાથી જ જો તારી ભૂખ સંતોષાતી હોય, તો આ કબૂતરના વજન જેટલું માંસ હું તને આપી શકું છું !'

આ સાંભળીને બાજપક્ષીએ કહ્યું કે, 'જેવું આ પક્ષીનું માંસ એવું બીજાનું. મને તો એમાં કંઈ વાંધો નથી. પરંતુ તમે જો મારી ભૂખ સંતોષવા માટે બીજા કોઈ પક્ષીને તકલીફ આપીને મારો એના કરતાં એ માંસ માટચે આ કબૂતર જ મને આપી દો ને !'

એટલે મહારાજ શિવિએ કહ્યું : 'ના... ના, બાજપક્ષી. હું કોઈને તકલીફ આપીને મારવા નથી માગતો. હું મારા શરીરમાંથી જ આ કબૂતરના વજન બરાબરનું માંસ કાપીને આપીશ. આના માટે મને કંઈ પણ તકલીફ નહીં થાય.'

મહારાજા શિવિએ તરત જ એક ત્રાજવું મંગાવ્યું. પછી મહારાજા શિવિએ આ ત્રાજવાના એક પલડામાં કબૂતરને મૂક્યું અને બીજા પલડામાં પોતાનો એક પગ કાપીને મૂક્યો ! પણ આ શું !!! કબૂતરનું વજન તો તેમના પગના વજન કરતાં પણ વધારે હતું. એટલે મહારાજા શિવિએ તેમનો એક હાથ કાપીને મૂક્યો. તોપણ કબૂતરનું પલડું તો નમેલું જ રહ્યું. આખરે મહારાજ શિવિ પોતાનું શરીર કાપવા ગયા. આ





જોઈને બાજપક્ષી એકદમ જ અદશ્ય થઈ ગયું. થોડીવારમાં કબૂતર પણ અદશ્ય થઈ ગયું. અચાનક એક ઝળહળતો પ્રકાશ થયો અને સ્વર્ગલોકના રાજા ઈન્દ્ર સ્વયં પ્રગટ થયાં. ઈન્દ્રરાજાએ પ્રસન્ન થઈને મહારાજા શિવિને આશીર્વાદ આપ્યા.

પછી ઈન્દ્રરાજાએ મહારાજા શિવિને કહ્યું : 'મહારાજ, તમે બહુ જ દયાળુ અને ઉદાર હૃદયના છો. તમારા આશ્રયમાં આવેલાનું તમે તમારા જીવના જોખમે પણ રક્ષણ કરવા તૈયાર થઈ જાવ છો ! અમે તમને ઓળખી ના શક્યા ! તમારી કઠોર તપસ્યા હવે પૂરી થાય છે. અમે તમારી પરીક્ષા કરી લીધી. તમારી જે ઇચ્છા હશે તે પૂરી થશે. તમારા જીવનમાં જેનો અભાવ હશે તે તમને અવશ્ય મળશે.'

આવું વરદાન આપીને ઈન્દ્રરાજા તો અલોપ થઈ ગયા.

મહારાજા શિવિના કપાયેલ હાથ અને પગ ફરીથી તેમના શરીર સાથે જોડાઈ ગયા. થોડા વખત પછી મહારાજા શિવિને ત્યાં એક પુત્રરત્નનો જન્મ થયો.

પછી મહારાજા શિવિએ ખાધું, પીધું ને રાજ કર્યું !

બોધ :

આપણા આશ્રયમાં આવેલાની આપણે રક્ષા કરવી જોઈએ. આપણે પશુ-પક્ષીઓની રક્ષા કરવી જોઈએ.





દધીચિ ઋષિનું દેહદાન

હજારો વર્ષ પહેલાં એક વાર આવું થયું હતું.

રાક્ષસોએ ભેગા થઈને પૃથ્વી ઉપરના બધા રાજાઓને હરાવી દીધા. પછી બધા રાક્ષસોએ આખી પૃથ્વી ઉપર પોતાનું રાજ કરી લીધું.

આ રાક્ષસોએ સ્વર્ગલોકની પણ બહુ વાતો સાંભળી હતી. સ્વર્ગલોકમાં મોટા સુંદર બાગ-બગીચાઓ, મોટા-મોટા મહેલો, જાત-જાતની વાનગીઓ અને મીઠાઈઓ, મીઠાં-મીઠાં ફળ અને બહુ જ મોજ-મસ્તીની વાતો સાંભળી હતી. એટલે રાક્ષસોને થયું કે આપણે તો સ્વર્ગ પણ જીતી લઈએ.

આ રાક્ષસોનો રાજા હતો 'વૃત્ર' - વૃત્રરાજા.

એક દિવસ જ્યારે સ્વર્ગલોકના બધા દેવો પોતાની માતૃભૂમિની ચિંતા કર્યા વગર દૂર-દૂરના બાગ-બગીચાઓમાં હરવા-ફરવા અને મોજ-મસ્તી કરવા ગયા હતા, ત્યારે તક ઝડપીને આ રાક્ષસોના રાજા વૃત્રએ તેની રાક્ષસોની સેના સાથે સ્વર્ગલોક ઉપર હુમલો કરી દીધો. આ રાક્ષસોએ ભયાનક આક્રમણ કરી આખાય સ્વર્ગલોકને જીતી લીધું.

સ્વર્ગના બધા દેવો જ્યારે બગીચાઓમાં ફરીને પાછા આવ્યા ત્યારે રાક્ષસોએ અચાનક તેમની ઉપર હુમલો કર્યો અને તેમને બધાને મારી-મારીને ભગાડી દીધા.

સ્વર્ગ ઉપર હુમલો કરીને રાક્ષસોએ તો દેવોના બધા જ મહેલો અને ધન-સંપત્તિ બધું જ લૂંટી લીધું. એટલે હવે બીજો કોઈ ઉપાય ના રહેતા દેવલોકોને નિર્જન જંગલમાં રહેવા જવું પડ્યું. બધા દેવો તો આનાથી દુઃખી-દુઃખી થઈ ગયા.

સ્વર્ગના રાજા ઈન્દ્ર અને તેમની આખી સેનાએ સંગઠિત થઈને રાક્ષસો ઉપર હુમલો કર્યો, પરંતુ રાક્ષસોના રાજા વૃત્ર અને તેમની સેના તો એમનાથી પણ વધારે શક્તિશાળી હતી. વૃત્રરાજાએ તો ઈન્દ્રરાજાને લડાઈમાં બહુ ખરાબ રીતે હરાવી દીધા. પછી ઈન્દ્રરાજાએ સ્વર્ગના દેવોની સેના અને પૃથ્વી ઉપરના માણસોની સેના ભેગી કરીને રાક્ષસો ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું.





રાક્ષસોના રાજા વૃત્રએ આ વાત સાંભળી. પરંતુ એ તો ડર્યો નહીં કે જરાયે ડગ્યો પણ નહીં. વૃત્રરાજાને મૃત્યુનો કોઈ ભય નહોતો.

વર્ષો પહેલાં રાક્ષસોના રાજા વૃત્રએ ખૂબ જ આકરી તપશ્ચર્યા કરીને એવી શક્તિ પ્રાપ્ત કરી હતી કે એના શરીરને કોઈ પણ તીર કે તલવાર વાગે જ નહીં. વૃત્રરાજાએ રાક્ષસોની એક વિશાળ સેના પણ બનાવી હતી. વૃત્રરાજાની એક આજ્ઞા ઉપર આખી રાક્ષસોની સેના પોતાનો જીવ આપવા તૈયાર થઈ જતી.

વૃત્રરાજાની રાક્ષસોની સેનાએ વર્ષો સુધી સ્વર્ગના રાજા ઇન્દ્રને બહુ જ ખરાબ રીતે હરાવે રાખ્યા, એટલે ઇન્દ્રરાજા અને બધા દેવોને તો ખૂબ જ અપમાનિત થવું પડ્યું. પછી કોઈ જ ઉપાય ના રહેતા સ્વર્ગના રાજા ઇન્દ્ર તો ખૂબ જ નિરાશ થઈ ગયા. ઇન્દ્રરાજાએ તો હવે પોતાની માતૃભૂમિ સ્વર્ગમાં જવાની આશા જ છોડી દીધી. આવા દુઃખના સમયે ઇન્દ્રરાજાએ ભગવાનની ભક્તિ કરી અને વિષ્ણુ ભગવાન પાસે પોતાના દુઃખની વાત કરવા લાગ્યા.


વિષ્ણુ ભગવાને ઇન્દ્રરાજાની દુઃખની વાત સાંભળી.

પછી વિષ્ણુ ભગવાને ઇન્દ્રરાજાને કહ્યું કે તમે સ્વર્ગના રાજા છો. તમારા દેશની રક્ષા કરવાની તમારી ફરજ છે.

છતાં પણ તમે તમારા દેશની ચિંતા રાખ્યા વિના બાગ-બગીચાઓમાં હરવા-ફરવા અને મોજ-મસ્તી કરવા ગયા. જો તમારામાં દેશભક્તિ હોત, તમારી માતૃભૂમિની તમને ચિંતા હોત, તો રાક્ષસોનો રાજા વૃત્ર આજે સ્વર્ગનો રાજા ના બની શક્યો હોત. અનેક વર્ષો સુધી અખંડ તપશ્ચર્યા કરીને વૃત્રએ તેના શરીરને ખૂબ જ શક્તિશાળી બનાવી દીધું છે.

વૃત્રરાજાને કોઈ શસ્ત્રથી મારી નથી શકાતો. વૃત્રરાજાએ મૃત્યુને પણ જીતી લીધું છે. રાક્ષસોનો રાજા વૃત્ર 'અજય' છે.





પરંતુ જે માણસે વૃત્રરાજા કરતાં પણ વધારે આકરી તપશ્ચર્યા કરીને તેના શરીરને વૃત્રરાજાના શરીર કરતાં પણ વધારે મજબૂત બનાવી દીધું હોઈ, તેના શરીરનાં હાડકાંમાંથી બનેલું 'વજ્ર' જ તેનો વિનાશ કરી શકે છે.

આવી મજબૂત વ્યક્તિ જો આત્મદાન કરે, પોતાના શરીરનાં અસ્થિ આપે અને સ્વયં વિશ્વકર્મા પોતાના હાથથી એ અસ્થિમાંથી વજ્રનું નિર્માણ કરે, તો તેનાથી વૃત્રરાજાનું મૃત્યુ થઈ શકે. આ વજ્રના ઘાથી રાક્ષસોના રાજા વૃત્ર જ નહીં, પરંતુ રાક્ષસોની આખી સેનાબળીને ભસ્મ થઈ જશે.



વિષ્ણુ ભગવાનની આ વાત સાંભળીને ઈન્દ્રરાજાને તો બહુ જ આશ્ચર્ય થયું. તેમણે વિષ્ણુ ભગવાનને કહ્યું કે અનેક વર્ષો સુધી આવી અખંડ તપશ્ચર્યા કોણે કરી હશે ? જેના શરીરનાં હાડકાંમાંથી વજ્ર બની શકે તેવું મજબૂત શરીર કોઈનું હશે ? ઈન્દ્રરાજા કહે કે મને તો એ સંભવ નથી લાગતું. પરંતુ વિષ્ણુ ભગવાને તેમની શંકા દૂર કરતાં કહ્યું કે મારી સૃષ્ટિમાં કશું જ અસંભવ નથી. તમારી માતૃભૂમિને શત્રુના અધિકારમાંથી મુક્ત કરવા માટે આ પરિશ્રમ કરવાની તમારી ફરજ છે. તમે પરિશ્રમ કરશો તો તમને આ તપસ્વી મજબૂત માણસ અવશ્ય મળશે.

ઈન્દ્રરાજા તો વિષ્ણુ ભગવાનની આજ્ઞા માથે ચડાવીને આ માણસને શોધવા નીકળી પડ્યા.

દિવસ પર દિવસ, મહિનાઓ પર મહિનાઓ અને વર્ષોનાં વર્ષો વીતી ગયાં, પરંતુ વિષ્ણુ ભગવાને કહ્યું હતું એવી કોઈ વ્યક્તિ ઈન્દ્રરાજાને તો મળી નહીં.

આખરે ઘણી બધી જગ્યાએ ફરી-ફરીને થાકીને ઈન્દ્રરાજા તો નિરાશ થઈ ગયાં. ત્યાં જ અચાનક ઈન્દ્રરાજાને નારદમુનિ મળ્યા.

ઈન્દ્રરાજાને નિરાશ થઈ ગયેલાં જોઈને નારદમુનિએ તેમને તેનું કારણ પૂછ્યું. ઈન્દ્રરાજાએ દુઃખ સાથે પોતાની વાત તેમને કરી. એટલે નારદમુનિએ ઈન્દ્રરાજાને કહ્યું કે હિમાલયના જંગલમાં દધીચિ જ એક એવા ઋષિ છે, જેમણે અનેક વર્ષો સુધી અખંડ તપશ્ચર્યા કરી છે. વિષ્ણુ ભગવાને જેવા



વ્યક્તિની વાત કરી છે, એવા દધીચિ ઋષિ જ

એક છે. તમે એમની પાસે જઈને જ આ વાત કરો.


નારદમુનિની આ વાત સાંભળીને ઈન્દ્રરાજામાં થોડી આશા જાગી. આ વાત સાંભળીને ઈન્દ્રરાજાનો થાક પણ હવે ઊતરી ગયો. ફરીથી રાત-દિવસ એક કરીને ઈન્દ્રરાજા હિમાલય પહોંચ્યા.

હિમાલય પહોંચીને ઈન્દ્રરાજા દધીચિ ઋષિના આશ્રમ ઉપર પહોંચ્યા. દધીચિ ઋષિ તેમના શિષ્યોથી ઘેરાઈને બેઠા હતા. ઈન્દ્રરાજાએ નજીક જઈને દધીચિ ઋષિના દર્શન કર્યા. દધીચિ ઋષિનું મુખમંડલ ખૂબ જ તેજસ્વી હતું. ઋષિ દધીચિના દર્શન કરવાથી ઈન્દ્રરાજાને બહુ જ શાંતિ મળી.

ઈન્દ્રરાજાએ જોયું કે કેટલાય લોકો તેમની મુશ્કેલીઓ લઈને ઋષિ દધીચિ પાસે આવતા હતા. ઋષિ દધીચિ તેમની વાત સાંભળીને તેમને આશીર્વાદ આપીને તેમની મુશ્કેલીઓ દૂર કરતા હતા. પછી ઈન્દ્રરાજા ઋષિ દધીચિની બરાબર સામે ગયા. તેમને સાષ્ટાંગ પ્રણામ કરીને તેમની પાસે જઈને બેઠા. એટલે ઋષિ દધીચિએ ઈન્દ્રરાજાને તેમનું આવવાનું કારણ પૂછ્યું.

એટલે રાજા વૃત્ર અને તેમની રાક્ષસોની સેનાએ પોતાની માતૃભૂમિ સ્વર્ગ ઉપર કરેલા હુમલાની વાત ઈન્દ્રરાજાએ ઋષિ દધીચિને કરી. ઈન્દ્રરાજાએ ઋષિ દધીચિને કહ્યું કે, રાજા વૃત્રએ સ્વર્ગ ઉપર હુમલો કરી સ્વર્ગના દેવોની બધી જ ધનસંપત્તિ લૂંટી લીધી છે. સ્વર્ગના દેવોને મારી-મારીને અપમાનીત કરીને ભગાડી દીધા છે. કોઈ ઉપાય ના રહેતા અમે ભાગીને નિર્જન જંગલમાં રહીએ છીએ. પોતાની માતૃભૂમિ સ્વર્ગ ઉપર શત્રુએ કરેલા હુમલાથી સ્વર્ગના બધા જ દેવો ખૂબ જ દુઃખી-દુઃખી થઈ ગયા છે.

ઈન્દ્રરાજાની આ વાત સાંભળીને ઋષિ દધીચિએ કહ્યું : 'પરંતુ, હું આપની આ મુશ્કેલીમાં શું કરી શકું એમ છું ?'






ત્યારે ઇન્દ્રરાજાએ ઋષિ દધીચિને કહ્યું કે, 'વિષ્ણુ ભગવાનના ઉપદેશ મુજબ જેણે આકરી તપશ્ચર્યા કરીને પોતાનું શરીર વૃત્રરાજાના શરીર કરતાં પણ વધારે મજબૂત બનાવ્યું હોય, તેના શરીરમાંથી સ્વયં વિશ્વકર્માએ બનાવેલ વજ્રથી જ વૃત્રરાજા અને તેની રાક્ષસોની સેનાનો વિનાશ થઈ શકે છે.'

વજ્ર બનાવી શકાય એવાં મજબૂત હાડકાંવાળું શરીર ફક્ત આપનું જ છે, એવું નારદમુનિના કહેવાથી જ હું આપની પાસે આવ્યો છું. આપના આત્મદાનથી જ મારી માતૃભૂમિ સ્વર્ગને હું વૃત્રરાજાના અધિકારમાંથી મુક્ત કરાવી શકીશ. ઇન્દ્રરાજાની આ વાત સાંભળીને ઋષિ દધીચિ તો જાણે ખુશ થયા હોય તેમ એમણે કહ્યું કે 'હે રાજા ઇન્દ્ર, સ્વર્ગભૂમિ એ તો મારી પણ માતૃભૂમિ છે. મારી માતૃભૂમિ અને તેના લોકોનું દુઃખ એ મારું દુઃખ છે. માતૃભૂમિ માટે આત્મદાન કરવું એ તો મારી ફરજ છે. આ શરીરનો નાશ થવો એક દિવસ નિશ્ચિત છે જ. તો મારી માતૃભૂમિને શત્રુના અધિકારમાંથી મુક્ત કરાવવા માટે આત્મદાન કરવું જ વધારે યોગ્ય છે. હું હમણાં જ મારા શરીરને ભસ્મ કરું છું. પછી તમે મારા અસ્થિને વિશ્વકર્મા પાસે લઈ જઈને તેમની પાસે વજ્રનું નિર્માણ કરાવજો.'

આટલું કહીને ઋષિ દધીચિએ તો પોતાના તપોબળથી તેજ પ્રગટ કર્યું. ઇન્દ્રરાજા તો આ તેજથી એકદમ અંજાઈ જ ગયા. પળભરમાં તો ઋષિ દધીચિ પોતાના જ તેજથી સળગીને ભસ્મ થઈ ગયા. ઋષિ દધીચિ જ્યાં બેઠા હતા ત્યાં હવે તેમના માત્ર અસ્થિ જ હતા.

હવે ઇન્દ્રરાજા ઋષિ દધીચિના આ અસ્થિ લઈને વિશ્વકર્મા પાસે ગયા. ઘણા દિવસોના પરિશ્રમ પછી સ્વયં વિશ્વકર્માએ ખૂબ જ





કુશળતાથી વજ્રનું નિર્માણ કર્યું. પછી સ્વર્ગના રાજા ઈન્દ્ર એક મહાકાય હાથી ઉપર સવાર થયા. ઈન્દ્રરાજા પાસે હવે આ અદ્‌ભુત શસ્ત્ર વજ્ર પણ હતું.

ત્યારે વૃત્રરાજા અને તેમના રાક્ષસો સ્વર્ગમાં મોજ-મજા કરવામાં મસ્ત હતા.

રાક્ષસોના રાજા વૃત્રને તો એમ હતું કે મને તો કોઈ મારી શકે એમ જ નથી ! એટલે વૃત્રરાજા અને તેમની રાક્ષસોની સેના તો પૂરી તૈયારી કર્યા વિના જ ઈન્દ્રરાજાનો સામનો કરવા ગઈ.

ઈન્દ્રરાજાએ વજ્રને હાથમાં ધારણ કરી વૃત્રરાજા અને તેમની રાક્ષસોની સેના ઉપર હુમલો કર્યો.

ઈન્દ્રરાજાએ તો પૂરી તાકાતથી વજ્રને હાથમાં ગોળ-ગોળ ફેરવીને વૃત્રરાજા ઉપર પ્રહાર કર્યો. ‘વજ્ર’ના એક જ પ્રહારથી વૃત્રરાજા તો ત્યાં ને ત્યાં જ મરી ગયા.

પછી વજ્રએ એક-એક રાક્ષસને શોધી-શોધીને મારી નાખ્યા.

ઋષિ દધીચિ અને ઈન્દ્રરાજાની માતૃભૂમિ સ્વર્ગ હવે રાક્ષસોના રાજમાંથી મુક્ત થઈ.

બોધ :


આપણે આપણા જીવનનું બલિદાન આપીને પણ આપણી માતૃભૂમિનું રક્ષણ કરવું જોઈએ.







સંવેદના શિક્ષા

Books with human-moulding technology









https://www.facebook.com/Samvedna-Shiksha
https://www.facebook.com/biren.trivedi
e-mail :- samvedna@ymail.com
cell :- 9712755503

